**<u>ડાકોર પો.સ્ટે.ગુના.રજી.૧૧૨૦૪૦૨૧૨૫૦૩૮૭/૨૦૨૫ પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઈ), ૮૧, ૧૧૬(બી) મુજબના ગુનાના કામે આરોપી /અરજદાર દલપતસિંહ વજેસીંહ ઉર્ફે બાબુભાઈ પરમાર નાઓની વચગાળાની જામીન અરજી લગત હુકમ:–</u>**

(૧)... સદર કામના આરોપી/અરજદાર તર્ફે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૪૮૦ મુજબ વચગાળાની જામીન અરજી રજુ કરવામાં આવેલ છે. તેમજ અરજીમાં જણાવેલ છે કે આ કામના આરોપી ૧૧/૧૧/૨૦૨૫ થી જ્યુડીસ્યલ કસ્ટડીમાં છે તેમજ અરજદારના પત્ની નામે શીતલબેન નાઓને છેલ્લા છ મહીનાથી ગભરામણ તથા છાતીમાં દુખાવો રહેતો હોય તેઓએ અનુજ ક્લીનીક આણંદ ખાતે દાખલ થઈ તપાસ કરાવતા તેઓને હાયપર ટેન્શન છાતીમાં દુખાવો હોય ડોક્ટરે વહેલામાં વહેલી તકે કોરોનરી એન્જીયોગ્રાફી કરી સારવાર કરાવવાની સલાહ આપેલ છે અને સારવાર કરાવવી ખુબ જ જરૂરી છે જેથી કરીને સદરહુ કામના અરજદારને તેઓના પત્નીની સારવાર અર્થે પૈસાની ખુબ જ જરૂર હોય જેથી કરીને પૈસાના બંદોબસ્ત માટે તથા સારવાર દરમ્યાન પત્ની સાથે રહેવુ જરૂરી હોય અરજદારને તેમના પત્નીની સારવાર અર્થે સદરહુ કામના અરજદારને યોગ્ય શરતોને આધીન વચગાળાના જામીન ઉપર મુક્ત કરવા તેવી દાદ માંગેલ છે.

(૨)... આરોપીના વિવશ્રીએ દલીલ કરેલ છે કે અરજીમાં જણાવેલ કારણો ધ્યાને લઈ આરોપીની વચગાળાની જામીન અરજી મંજુર કરવા તેમજ ફરીયાદ પક્ષે વિદ્વાન એપીપીશ્રીનાઓએ તેમજ તપાસ કરનાર અમલદાર શ્રી નાઓને સાંભળ્યા તેઓએ દલીલ કરેલ છે કે, બીન જામીન લાયક ગંભીર પ્રકારનો ગુનો હોય તેમજ ગુનાની ગંભીરતા તેમજ સજાની જોગવાઈ ધ્યાને લેતા વચગાળાના જામીન અરજી નામંજુર કરવા દલીલ કરેલ છે.

(૩)... અરજી વંચાણે લીધી તેમજ અરજીમાં જણાવેલ કારણો વંચાણે લીધા તેમજ બન્ને પક્ષોને સાંભળ્યા એફ.આઈ.આર તથા તપાસના કાગળો વંચાણે લીધા. આ કામે એફ.આઈ.આર વંચાણે લેતા આરોપી સામે **<u>ડાકોર પો.સ્ટે.ગુના.રજી.૧૧૨૦૪૦૨૧ ૨૫૦૩૮૭/૨૦૨૫ પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઈ), ૮૧, ૧૧૬(બી)</u>** મુજબનો ગુનો નોંધવામાં આવેલ છે સદર કામની ફરીયાદ હકીકત જોતા સદર કામના આરોપી સામેનો ગુન્હો ગંભીર પ્રકારનો અને બિનજામીન લાયક છે. હાલના તબકકે બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૦ની જોગવાઈ તેમજ આક્ષેપિત ગુન્હાના કામે સજાની જોગવાઈ તેમજ તે સાથે જ રેકર્ડ ધ્યાને

લેતા આ ગુનાના કામે મુદ્દામાલ ભારતીય બનાવટનો વિદેશી દારુ કુલ કિ. રૂા. ૬,૨૮, ૩૬૪/–નો મુદ્દામાલ કબજે કરેલ છે. જે જથ્થો મોટો હોય અને સામાન્ય સંજોગોમાં કોઈપણ માણસ ફકત પોતાના આર્થિક લાભ માટે જ એટલો મોટો જથ્થો સાથે રાખે જે પણ ગેરકાયદેસર રીતે કમાણી ગણાય તથા લોકો માટે ગેરકાયદેસર પ્રવૃતિમાં ઉતરવા માટે એક સુનેરો તક જેવું લાગે. જેથી તે સંજોગોમાં આરોપી સામેનો આક્ષેપ ગંભીર પ્રકારનો હોવાનું જણાઈ આવે છે.

(૪) ઉપરોકત હકીકત અને પ્રતિપાદીત સિધ્ધાંત ધ્યાને લેતાં જયારે આરોપીને જામીન મુકત કરવામાં આવે તો સમાજમાં તેની અવળી અસર પડે તેમ હોય, કારણ કે પોતે આરોપી તેમજ સમાજના સભ્યોને એમ લાગે કે આવી વસ્તુઓ રાખવામાં અથવા કોઈ ને વેચવામાં અથવા લેવામાં અથવા આપવામાં કોઈ પણ જોખમ નથી અને આવા માહોલમાં તેનો લે વેચ વધારે થશે અને જયારે આવી વસ્તુઓ સમાજમાં લોકો પાસે સરળતાથી પહોચી જશે ત્યારે લોકો તેવી વસ્તુઓ વધારે વાપરી, કે તેનો ગેરકાયદેસર રીતે ઉપયોગ કરી નાની નાની વાતોમાં વખેડા ઉભા કરી સમાજમાં સુલહ શાંતીનો ભંગ કરશે તથા તરુણ પેઢીમાં અવડી અસર પડશે જેના કારણે સમાજમાં ગુન્હો વધશે જેથી વચગાળાની જામીન અરજીમાં જે કારણો જણાવેલ છે તે કારણો ધ્યાને લેતાં તેમજ ગુનાની ગંભીરતા તથા સજાની જોગવાઈ ધ્યાને લેતાં તેમજ ઉપરોકત હકીકતો સંજોગોમાં આ કોર્ટે વચગાળાના જામીન આપવા અંગે સ્વવિવેકનો ઉપયોગ કરવો જોઈએ તે કાયદા મુજબ અધિકારક્ષેત્રમાં છે તેમજ ન્યાયોચિત રહેશે તેમ માનવાનું કોઈપણ કારણ જણાઈ આવતું નથી. જેથી આરોપી તર્ફે વિ.વ.શ્રી એ કરેલી તમામ દલીલો ગ્રાહ્ય રાખવી હાલના તબકકે ન્યાયોચિત જણાતી નથી તેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– : હુકમ : –**

અરજદાર /આરોપીની હાલની વચગાળાની જામીન અરજી આથી નામંજુર યાને રદ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા. ૦૬ / ૦૩ / ૨૦૨૬**

**સ્થળ : ડાકોર.**

**જયુડી.મેજી.ફ.ક.**

**ડાકોર, જી.ખેડા.**